:: અધિસૂચન ::

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રુલ્સ-૧૯૭૯.

મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૧૯ ( કતારગામ )

આથી તમામ હિત ધરાવતી અને સંબંધીત વ્યકિતઓને હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર રચના યોજના ( ઉધના ) સુરત ખબર આપું છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૭/૦૮/૯૯ ના એકસ્ટ્રા ઓર્ડિનરી રાજ્યપત્ર ભાગ-૪-બ ના પાના નં.૧૬૭-૧ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૨/૭/૯૯ ના જાહેરનામા ક્રમાંક: જીએચવી/૧૯૯૯ નો ૧૨૩/ ટીપીવી/૧૦૯૯/૯૯૮-વ મુજબ મુસદ્દારુપ નગર રચના યોજના સુરત નં.૧૯(કતારગામ) ને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી તરીકે નગર રચના અધિકારી, નગર - રચના યોજના ઉધનાની નિમણુંક થયેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રુલ્સ-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) ની જોગવાઈઓ મુજબ આ નોટીસથી જાહેર કરું છું કે આજરોજ તા. ૧૬/૦૯/૯૯ ના રોજ ઉપરોકત યોજના માટે નગર રચના અધિકારી તરીકેની ફરજો સંભાળી લીધેલ છે.

યોજનાના વિસ્તારની વિગત :

મુસદ્દારુપ નગર રચના યોજના સુરત નં.૧૯ ( કતારગામ ) હદ નિશાન.

ઉત્તર :- મોજે: કતારગામનો બાકીનો વિસ્તાર અને તાપી નદી .

દક્ષિણ. :- કતારગામ ગામતળ અને નગર રચના યોજના નં.૩ (કતારગામ) ની હદ.

પૂર્વ :- જી.આઈ.ડી.સી. કતારગામના વિકસિત વિસ્તારની હદ.

પશ્ચિમ :- મોજે: કતારગામનો બાકીનો વિસ્તાર.

વિસ્તાર :- ૧૫૩ હેકટર આશરે.

નોંધ :- ઉપરોકત યોજનામાં મોજે: કતારગામના રે.સ.નં.૧,૨,૩,૯૮,૯૯,૧૦૦, ૧૦૧, ૧૩૮ થી ૧૬૭, ૨૩૦, ૨૩૧/ પૈકી, ૨૩૪ થી ૨૫૧, ૨૫૪/ પૈકીથી ૨૫૭, ૨૬૩ થી ૩૦૨, ૫૩૮, ૫૫૩ અને ૫૫૪ તથા મોજે: ફુલપાડાના રે.સ.નં.૧૪૫, ૧૫૦/ પૈકી અને ૧૫૨/ પૈકી નો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ બનાવેલ નિયમોના નિયમ-૨૬ પેટા નિયમ-૩ ની જોગવાઈઓ મુજબ લાગતા વળગતા તમામને હું આથી ખબર આપું છું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨( બાવન ) માં જણાવેલ બાબતો માટે મુસદ્દારુપ નગર રચના યોજનામાં આવરી લેવાતા બધાજ સર્વે નંબરોમાં અસર પામતી વ્યકિતઓને / હિત સંબંધ ધરાવતાં ઈસમોને આ અધિસૂચન સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ-૨૦ (વીસ ) માં પોતાના જે કોઈ વાંધાઓ કે સૂચનો હોઈ તે લેખિત પુરાવા, વિગતો સાથે મારી સમક્ષ રજૂ કરવા.

ઉપરની નગર રચના યોજનાની દરખાસ્તોથી જે જે વ્યકિતઓની મીલ્કત અગર હકક કે હિત ધરાવતી વ્યકિતઓને નુકશાન થતું હોય તેવા નુકશાન બાબત ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ મુજબ નુકશાની માંગવા હકકદાર હોય તેમણે પોતાના દાવા નીચે સહી કરનાર નગર રચના અધિકારીને આ અધિસૂચન પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ (૩) માસની અંદર જરુરી પુરાવાઓ, વિગતો સાથે લેખિતમાં મોકલી આપવા.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દા રુપ નગર રચના યોજના સુરત નં.૧૯ ( કતારગામ ) ની નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમ્યાન જરુરી દસ્તાવેજો, પુરાવાઓ, પ્લાન સંબંધીત ફોર્મ વિગેરે જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદર યોજનાની દરખાસ્તોથી અસર પામતી મિલ્કતોના માલિકો કે વ્યકિતઓને કચેરીમાં જોઈ જવા વિનંતી છે. યોજનાની દરખાસ્તો સમજાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરત.
તા.૧૫/૦૯/૧૯૯૯.

( સી. સી. પ્રજાપતિ )
નગર રચના અધિકારી,
નગર રચના યોજના સુરત નં.૧૯,
( કતારગામ )

સરનામું :-

નગર આયોજન અધિકારી ઉધનાની કચેરી,
મ્યુનીસીપલ બીલ્ડીંગ, ત્રીજામાળે,
બમનજીશેરી નાકે, રુધનાથપુરા મેઈનરોડ,
સુરત-૩,.